ORDER CRIMINAL CASE NO. 95/2026

# મેંદરડાના ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ સાહેબશ્રીની અદાલતમાં
# મુ.મેંદરડા

ફોજદારી કેસ નં. :૯૫/૨૦૨૬
આંક :૬

**ફરિયાદી :**
શ્રી સરકારી
મેંદરડા પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૩૦૩૯૨૬૦૦૬૮/૨૦૨૬

વિરૂધ્ધ

**આરોપી :**
ધર્મેશભાઈ હાજાભાઈ રાવલીયા
ઉ.વ.૩૦ ધંધો : ખેતી
રહે. મેંદરડા સામાકાંઠા વિસ્તાર

**ચાર્જ :** ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ–૬૬(૧)(બી)
**તથા એમ.વી.એકટ–૧૮૫**

---

ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે. બી. ટાંક
બચાવ પક્ષ તરફે વિ.વકિલશ્રી એ.એ.પાધડાર

---

**–:: ચુકાદો :–**

(૧) આ કામના આરોપી ધર્મેશભાઈ હાજાભાઈ રાવલીયા ઉ.વ.૩૦ ધંધો : ખેતી રહે. મેંદરડા સામાકાંઠા વિસ્તારએ તા.૦૪/૦૪/૨૦૨૫ ના ક.૦૧:૩૦ મેંદરડા પાદરચોકમાં જગ્યાએ રોડ પર જાહેરમાં ગેરકાયદે પાસ પરમીટ વગર કેફી પીણુ પીધેલી હાલતમાં પોતાના હવાલાની સુઝુકી કંપનીની ફોર વ્હીલ સ્વીફટ જીજે.૦૩.સીઈ.૨૨૭૩ વાહન ચલાવી મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ તે મતલબની ફરિયાદ ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા, ગુનો નોંધી, આરોપીને અટક કરેલ. તપાસના અંતે ઉપરોકત ગુનાનુ ચાર્જશીટ આ કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી કરવા સારૂ રજુ કરેલ છે.

(૨) હાલના આરોપી અત્રેની અદાલત રૂબરૂ હાજર રહેલા અને તેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને આરોપીની પ્રથમ આંક–૫ થી પ્લી રેકર્ડ કરવામા આવેલી છે. જેમા આરોપીએ ગુન્હો કબુલ કરેલાનુ જણાવેલ અને તે મતલબની આંક–૪ થી કબુલાત પુરશીષ રજુ કરેલ છે અને જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે તેમને ગુનો કર્યાનો પસ્તાવો છે અને આરોપી ગરીબ પરીસ્થિતીના છે. જેથી હળવી સજા કરવા રજૂઆત કરેલ છે.

(૩) આજરોજ અદાલતમાં આરોપી તરફેની રજૂઆત ધ્યાને લેતા અને કેસનુ રેકર્ડ ધ્યાને લેતા આરોપી તરફે કબુલાત ધ્યાને લેતા આરોપીનો પ્રથમ વખતનો ગુન્હો હોય તેવુ જણાઈ આવે છે. આરોપી સ્વૈચ્છાએ કબુલાત કરે છે અને સદરહુ કબુલાત બિનકેફે કે કોઈ ગેરરજૂઆત વગર કરવામાં આવેલ છે તેવુ જણાઈ આવે છે. આરોપી તરફે એવી રજૂઆત કરવામા આવેલ છે કે તેઓને ગુન્હો કર્યાનો પસ્તાવો છે અને હવે બીજી વખત આવા પ્રકારનો ગુન્હો નહી કરે તેવી ખાતરી આપતા હોય જે ધ્યાને લેતા આરોપી એ જે કબુલાત આપેલી છે તે સ્વૈચ્છિક હોય તેવુ જણાઈ આવે છે. આ કામે મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ માં છ માસ સુધીની સજા અને રૂા.૧૦,૦૦૦/– સુધીનો દંડ તથા ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મા વધુ મા વધુ છ માસની સજા અને રૂા.૧,૦૦૦/– સુધીના દંડની જોગવાઈ છે. આરોપી એવી રજૂઆત કરે છે કે તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા વિનંતી છે અને અમને વધુ જેલમાં રાખવામાં આવશે તો તેમના પરિવારજનો નુ ભરણપોષણ થઈ શકે તેમ નથી અને તેમને ઓશીયાળુ જીવન જીવવાની પરીસ્થિતી ઉપસ્થિત થાય તેમ છે. જે તમામ સંજોગો અને હકિકતો ધ્યાને લેતા ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

.

## –: હુકમ :–

(૧) આ કામના આરોપી ધર્મેશભાઈ હાજાભાઈ રાવલીયા ઉ.વ.૩૦ ધંધો : ખેતી રહે. મેંદરડા સામાકાંઠા વિસ્તાર ને બી.એન.એસ.એસ. –૨૭૫ અન્વયે મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પુરા) તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપીયા એકસો પુરા) એમ મળી કુલ રૂા.૧૧૦૦/– (અંકે રૂપીયા એક હજાર એકસો) પુરાના દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો વધુ દિવસ–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ અંગે અગાઉ જો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તે કાયમી રાખવાનો રહેશે. મુદ્દામાલ અંગે અગાઉ જો કોઈ હુકમ ન હોય તો મુદ્દામાલ ના માલિકીપણાની યોગ્ય ખરાઈ કરી તે મુદ્દામાલ જેતે મુદ્દામાલના માલિકને અપીલ સમય વિત્યે સોંપી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ : ૧૧ મી, માહે : જૂલાઈ, સને–૨૦૨૬ ના ના રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૧/૦૭/૨૦૨૬.
સ્થળ :– મેંદરડા.

(જીગ્નેશકુમાર ભીખાભાઈ પુરોહિત)
ન્યાયીક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ,
મેંદરડા.
U.I.Code No. GJ001185

એમ. એમ. નં........ તા.૧૧/૦૭/૨૦૨૬ થી
રૂા.૧૧૦૦/– (એક હજાર એકસો પુરાનો) દંડ વસુલ લીધો.
તા.૧૧/૦૭/૨૦૨૬

રજીસ્ટ્રાર–કમ–નાઝીર
ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ કોર્ટ
મેંદરડા